ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

## રાજ્યના ૮ મહાનગરો સહિત ૨૭ શહેરોમાં રાત્રિ કરફયુ ૪ થી ફેબ્રુઆરી સુધી યથાવત

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી : કોર કમિટિની બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયો**

- હોટેલ્સ રેસ્ટોરન્ટસને હોમ ડીલીવરી સેવા ૨૪ કલાક ચાલુ રાખવાની છૂટ આપવામાં આવી.
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટિની બેઠકમાં રાજ્યમાં પ્રવર્તમાન કોરોના સંક્રમણ સ્થિતીની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી
- રાજ્યમાં કોરોના સંક્રમણ નિયંત્રણના હેતુસર મુખ્યમંત્રીશ્રીએ રાત્રિ કરફયુ આઠ મહાનગરો સહિત કુલ ૨૭ શહેરોમાં અમલ કરવા સહિતના કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે .
- હાલ આઠ મહાનગરો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, જૂનાગઢ, ભાવનગર અને ગાંધીનગર મહાનગરોમાં રાત્રિ કરફયુ અમલમાં છે
- મુખ્યમંત્રીશ્રીએ આ ઉપરાંત કોરોના સંક્રમણનો વધુ પોઝિટીવીટી રેશિયો ધરાવતાં ૧૯ નગરો આણંદ, નડિયાદ, સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા, મોરબી, વાંકાનેર, ધોરાજી, ગોંડલ, જેતપુર, કાલાવડ, ગોધરા, વિજલપોર (નવસારી), નવસારી, બિલીમોરા, વ્યારા, વાપી, વલસાડ, ભરૂચ અને અંકલેશ્વરમાં પણ તારીખ ૨૯ જાન્યુઆરી ૨૦૨૨થી દરરોજ રાત્રે ૧૦ થી સવારે ૬ વાગ્યા સુધી રાત્રિ કરફયુનો અમલ કરાવવાનો નિર્ણય કર્યો છે .
- રાત્રિ કરફયુની હાલની જે સમયાવધિ તા.૨૯-૧-૨૦૨૨ના સવારે ૬ વાગ્યે પૂર્ણ થાય છે તે લંબાવીને તા ૪થી ફેબ્રુઆરી ૨૦૨૨ સુધીની કરવામાં આવી છે.
- તદઅનુસાર, હવે ૮ મહાનગરો ઉપરાંત ૧૯ નગરોમાં તારીખ ૨૯મી જાન્યુઆરી થી દરરોજ રાત્રિના ૧૦ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધીના રાત્રિ કરફયુનો અમલ તા.૪થી ફેબ્રુઆરી સુધી કરવામાં આવશે
- આ નિર્ણયો મુજબ હોટલ-રેસ્ટોરન્સ દ્વારા કરવામાં આવતી હોમ ડીલીવરી હવે ૨૪ કલાક ચાલુ રાખી શકાશે.




વૃક્ષોમાં જીવ હોય છે એવું આપણે શાળામાં શીખ્યા... પરંતુ જે શીખ્યા એ કદાચ જીવનમાં ઉતારી શકયા નથી. એટલે જ લીલાછમ વૃક્ષોને કાપવાથી માંડીને તેના પર ખીલીઓ મારી જાહેરાતો ચોંટાડવાની પ્રવૃત્તિ આપણે બંધ નથી કરી શકતા. વૃક્ષો પર આવી અસંખ્ય જાહેરાતો ચોંટાડેલી જોવા મળી રહી છે. વૃક્ષ પ્રેમીઓ તેનો સખત વિરોધ કરી રહ્યા છે.

## એપીક કાર્ડ હવે સ્પીડ પોસ્ટથી ચૂંટણી પંચ મોકલી આપશે

ગાંધીનગર, તા. ૨૮

મતદારયાદીમાં નવા દાખલ થયેલા મતદારોને હવે તેમના મતદાર ઓળખ કાર્ડ સ્પીડ પોષ્ટથી ચૂંટણી પંચ સીધા મોકલશે.

તાજેતરમાં કેન્દ્રીય ચૂંટણી પંચ અને ભારતીય પોષ્ટલ સેવા સાથે આ અંગે એમ.ઓ.યુ. સંપન્ન થયા છે. આ એમ.ઓ.યુ. અંતર્ગત હવે એપીક કાર્ડ સ્પીડ પોષ્ટથી મતદારોને સીધા મોકલવામાં આવશે.

આ એપીક કાર્ડ સ્પીડ પોષ્ટથી મોકલવા અંગેની તમામ તૈયારીઓ સંપન્ન થઈ ગઈ છે અને એકાદ બે સપ્તાહમાં આ એપીક કાર્ડ સ્પીડ પોષ્ટથી નવા નોંધાયેલા મતદારોને તેમજ જેમને મતદાર કાર્ડમાં સુધારા-વધારા અને મત વિસ્તાર બદલવા અંગે અરજીઓ આપી છે તેમને મોકલી આપવામાં આવશે.

દરમ્યાન મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં આવા ૬૦ હજાર જેટલા કાર્ડનું વિતરણ કરવાનું થાય છે. આ માટેની તૈયારીઓ પૂરી થઈ ગઈ છે અને રવાનગીની કામગીરીનો પણ આરંભ કરી દેવામાં આવ્યો છે.

અગાઉ મતદારયાદીમાં નવા દાખલ થયેલા મતદારોને તેમની એપીક કાર્ડ બી.એલ.ઓ. દ્વારા વિતરણ કરવામાં આવતા હતા. ચૂંટણી પંચ 'ઈ-એપીક' કાર્ડ પ્રોજેક્ટ પર પણ કામગીરી કરી રહેલ છે.

# શહેરમાં રિકવરીની ગતિ વધી : સંક્રમણ ઘટ્યુ

**શહેરમાં ૨૭૧ નવા કેસ : ૬૧૨ ને ડિસ્ચાર્જ અપાયુ : શહેરમાં આજે સરગાસણમાં ૨૮, વાવોલમાં ૨૮, પેથાપુરમાં ૨૦, કુડાસણમાં ૧૪, રાંદેસણમાં ૧૨ કેસ નોંધાયા : શહેરના સેક્ટરોમાં સે. ૫ માં ૧૬, સે. ૧૨, ૨૧, ૨૬ માં ૧૧-૧૧ કેસ, સે. ૨ માં ૧૦ કેસ તેમજ સે. ૧૩, ૨૭, ૩૦ માં ૭-૭ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના કેસ ૨૭૧ નોંધાયા છે. જો કે આજે નોંધાયેલા કેસ કરતાં અઢી ગણા વધુ દર્દીઓ રિકવર થયા છે. શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૬ હજારને પાર કરી ગઈ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાની ત્રીજી લ્હેરમાં જેટલા ઝડપથી દર્દીઓ સંક્રમિત થયા તેના કરતાં રિકવરી રેટ પણ એટલો જ ઝડપથી સુધરી રહ્યો હોવાથી તંત્રને થોડીક રાહત છે.

શહેરમાં કોરોનાનું સંક્રમણ ધીમી પડ્યુ છે પણ તંત્રને હજુ ભય છે કે કેસોની સંખ્યા વધી શકે છે. કોરોનાના કેસોમાં હાલ ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે. આથી તંત્ર ચિંતાતુર જણાયુ છે.

શહેરમાં મહિલા, બાળ દર્દી તેમજ વયસ્કો જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેને લઈ તંત્ર ચિંતાતુર બન્યુ છે. આજે નોંધાયેલા કેસોમાંથી ૩ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતા તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ત્રણેય દર્દીને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૫૫ પુરૂષ અને ૧૧૬ મહિલા દર્દીઓ છે. આજે નોંધાયેલા કેસોમાં ૬૦ કે તેથી વધુ વયના ૩૫ દર્દીઓનો સમાવેશ થાય છે. ૧૧ થી ૨૦ વર્ષની વયના ૨૨ દર્દીઓ નોંધાયા છે.

શહેરમાં આજે ૭ દર્દીઓ ૧૦ કે તેથી ઓછી વય ધરાવતા નોંધાયા છે. સે. ૨૧ માં ૬ વર્ષનો દિકરો, સે. ૨૧માં જ ૯ વર્ષની દિકરી, સે. ૨૯ માં ૪ વર્ષનો દિકરો, રાંદેસણમાં ૭ વર્ષનો દિકરો, વાવોલમાં ૬ વર્ષનો

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામ્ય વિસ્તારમાં નવા ૧૨૪ કેસ : ૨૦૩ને ડિસ્ચાર્જ અપાયું

**બે ૧૦ વર્ષથી નાની વયના બાળકો સંક્રમિત થયા : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૩૬, ગાંધીનગરમાં ૨૪, કલોલમાં ૪૭ અને માણસામાં ૧૭ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૨૪ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા ૨૭૦૦ને પાર કરી ગઈ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની વધ-ઘટને લઈ તંત્રની ચિંતા વધી છે. દહેગામમાં કેસો અંતરિયાળ ગામોમાંથી મળતાં પણ તંત્રની દોડધામ વધી જવા પામી છે. માણસામાં સંક્રમણ સ્થિર થયુ હોય તેમ લાગી રહ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. ગ્રામ્ય વિસ્તારમાં ત્રીજી લ્હેરમાં આ ત્રીજા દર્દીનું મોત થયું છે. આજે કલોલના દર્દીનું સારવાર દરમ્યાન મોત થયાનું તંત્રએ તેની સત્તાવાર યાદીમાં જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૩૬, ગાંધીનગરમાં ૨૪, કલોલમાં ૪૭ અને માણસામાં ૧૮ કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૦ વર્ષથી નીચેની વયના બે દર્દીઓ મળ્યા છે. જેમાં ડિંગુચામાં ૭ વર્ષની દિકરી તેમજ કલોલ શહેરમાં ૮ વર્ષના દિકરાનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં પાંચ વર્ષમાં ૧૨.૨૩ ટકા મતદારો વધ્યા

**નવા મતદારો સૌથી વધુ ગાંધીનગર(દ)માં વધ્યા આ પછી કલોલ અને ગાંધીનગર(ઉ) આવે છે : ૧,૪૩,૬૮૪ મતદારો વધ્યા**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૨.૨૩ ટકા મતદારો ૨૦૧૭ની તુલનામાં વધ્યા છે. સૌથી મોટો વધારો ગાંધીનગર(દ)માં અને કલોલમાં નોંધાયો છે.

જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૧,૪૩,૬૮૪ મતદારોનો વધારો થયો છે. જેમાં સૌથી વધુ મતદારો ગાંધીનગર (દ)માં ૫૯,૪૧૭ વધ્યા છે. આ પછી કલોલમાં ૨૪,૭૨૦ મતદારો વધ્યા છે તો ગાંધીનગર (ઉ)માં ૨૩,૧૧૦ મતદારો વધ્યા છે.

દહેગામમાં ૧૮,૩૭૨ અને માણસામાં ૧૮,૦૬૫ મતદારો વધ્યા છે. છેલ્લી મતદારયાદી સુધારણા અભિયાનમાં મહિલા મતદારોએ વધુ નોંધણી કરાવી છે.

૨૦૨૨ એ રાજ્ય વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટેનું વર્ષ છે. ડિસેમ્બરમાં વિધાનસભાની મુદત પુરી થઈ રહી છે ત્યારે આંકડા વિશ્લેષકોએ તાજેતરમાં મતદારયાદીના પ્રસિદ્ધ થયેલ ડ્રાફ્ટ રોલને લઈ વિશ્લેષણ શરૂ કર્યા છે.

જિલ્લામાં ૨૦૧૭માં યોજાયેલ ચૂંટણી વખતે ૧૧,૭૫,૫૯૪ મતદારો નોંધાયેલા હતા. ૨૦૨૨માં તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ ડ્રાફ્ટ રોલ મુજબ હવે મતદાર યાદીમાં ૧૩,૧૯,૨૭૮ મતદારો નોંધાયેલા છે. આમ છેલ્લા પાંચ વર્ષમાં ૧,૪૩,૬૮૪ મતદારોનો વધારો થયો છે.

ટકાવારીની દષ્ટિએ જોઈએ તો ગાંધીનગર (દ) માં ૧૯.૪૮ ટકા, કલોલમાં ૧૧.૦૨ ટકા, ગાંધીનગર (ઉ) માં ૯.૯૫ ટકા, દહેગામમાં ૯.૧૨ ટકા તો માણસામાં ૮.૫૦ ટકા મતદારો વધ્યા છે.

તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ મતદાર યાદીના ડ્રાફ્ટ રોલ મુજબ દહેગામમાં ૨,૧૯,૭૩૫ મતદારો, ગાંધીનગર (દ) માં ૩,૬૪,૩૬૮ મતદારો, ગાંધીનગર (ઉ) માં ૨,૫૫,૪૮૫ મતદારો, માણસામાં ૨,૩૦,૮૪૩ મતદારો અને કલોલમાં ૨,૪૮,૮૪૭ મતદારો નોંધાયેલા છે.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં પાણી ગટર વેરા વસુલાત માટે આગામી સપ્તાહથી બિલ વિતરણ કરાશે

**અંદાજિત ૨૬ હજારથી વધુ જોડાણકર્તાઓ પાસેથી ૨.૨૫ કરોડથી વધુ વેરો વસુલવા માટે માર્ચ મહીના દરમિયાન વળતર પણ આપવામાં આવશે : વસુલાત ઝુંબેશની પ્રક્રીયા વર્ષોના અંતે પણ ઓનલાઇન થઇ શકી નથી**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધી રહ્યુ છે. ત્યારે શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે શહેરીજનોને પાણી સપ્લાય કરવા માટે સરકાર પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરે છે. પરંતુ પાણીના વપરાશ સામે પાણીનો બગાડ પણ વિશેષ થતો હોવાનો આક્રોશ સમયાંતરે ઉઠતો રહે છે. આવા સંજોગોમાં શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત ચુકવવામાં પણ જોડાણકર્તાઓ નિરસતા સેવી રહ્યા છે. ગત વર્ષની ઝુંબેશના અંતે વસુલાત ક્ષેત્રે માંડ ૫૫ ટકા જેટલી જ કામગીરી થઇ હોવાનુ ધ્યાને આવ્યુ છે. આગામી વસુલાતને અનુલક્ષી રૂ ૨.૨૫ કરોડના માંગણાન ધ્યાનમાં રાખી અંદાજે ૨૬ હજારથી વધુ જોડાણકર્તાઆને બિલ વિતરણ કરવામાં આવશે જયારે માર્ચના પ્રારંભે વળતરના લાભ સાથે વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરાશે.

ગાંધીનગર શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત માટે દર વર્ષે માર્ચ મહીન દરમિયાન ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જેને અનુલક્ષી હાલ તંત્ર દ્વારા પાણી ગટર વેરાના બિલનુ વિતરણ કરવા માટે ટુંકમાં જ પ્રક્રીયા હાથ ધરાશે. આગામી સપ્તાહથી શહેરમાં પાણી ગટર વેરા વસુલાત માટે ઘરે ઘરે બિલ વિતરણની કામગીરી શરૂ કરવામાં આવશે. સરકાર પાણી વ્યવસ્થા પાછળ વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. જયારે હાલ સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે પણ પાઈપલાઈનની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. પરંતુ મહામુલા પાણીના વપરાશ સામે શહેરમાં પાણીનો બગાડ પણ

● અનુસંધાન પાન-૭ પર




રાજ્ય સરકાર દ્વારા વિવિધ જગ્યાએથી ભરતી પ્રક્રિયા વારાફરથી હાથ ધરવાનું શરૂ કરી દેવાયું છે જેને અનુલક્ષીને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આગામી સમયમાં યોજાશે. આ પરીક્ષાઓને અનુલક્ષીને ઉમેદવારો પરીક્ષાની તૈયારીઓ કરવા તેને સંલગ્ન સાહિત્ય ખરીદવા જુના સચિવાલય પાસેના મીના બજાર સહિત શહેરના બુકસ્ટોલ પર ભીડ જમાવતા જોવા મળી રહ્યાં છે.

## આગામી ચોમાસામાં સેકટરોમાં ૧૨૫૦૦ રોપાઓની વાવણી કરાશે

**વરસાદી દિવસોમાં વાવેતર કરવા માટે વનતંત્રએ અત્યારથી ખાડા ખોદવાનુ શરૂ કર્યુ**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં છેલ્લા દોઢ દાયકામાં હરિયાળીનો સૌથી વધુ સોથ વળ્યો છે. શહેરમાં અનેકવિધ વિકાસ કામોના નામે હરિયાળા વૃક્ષોનુ નિકંદન વળતા ગાંધીનગરની ગ્રીન સીટીની ઓળખ ભુસાઈ ગઈ છે. હરિયાળીની દ્રષ્ટીએ હાંસિયામાં ધકેલાતા ગ્રીન ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. આગામી ચોમાસા દરમિયાન પણ વનતંત્ર દ્વારા શહેરમાં અંદાજિત ૧૨૫૦૦ નવા રોપાઓની વાવણી કરાશે આ માટે વનતંત્ર દ્વારા ખાલી જગ્યાનો અભ્યાસ કરીને અત્યારથી જ વાવણી માટે ખાડા ખોદવાનુ શરૂ કરી દીધુ છે.

ગાંધીનગરમાં એકબાજુ વિકાસના નામે રોજબરોજ વૃક્ષોની કટોતી થાય છે. જેના લીધે સ્માર્ટ સીટીની આગવી ઓળખ ઉભી કરવાના પ્રયાસમાં શહેર હરિયાળીની દ્રષ્ટીએ હાંસિયામાં

● અનુસંધાન પાન-૭ પર

## સેકટરોમાં ઓછા ફોર્સથી પાણીની સમસ્યા માટે જુની પાઈપલાઈન બદલવી અનિવાર્ય

**મુખ્ય લાઇનથી ઘર સુધીની લાઇન જુની હોવાના લીધે લીકેજ થતા પાણી ફોર્સથી ન આવતુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે : સેકટરોમાં પાણીના સપ્લાયની અસમાનતા મામલે તંત્રએ પણ રહીશોને આવા કિસ્સામાં લાઇન બદલવા અપીલ કરી**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં સમગ્ર દેશમાં સૌથી વધુ પાણીનો વપરાશ હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. અલબત્ત શહેરમાં સૌથી વધુ પાણીનો માથાદીઠ વપરાશે છે. ત્યારે સેકટરોમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે પર્યાપ્ત પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવતો હોવાનુ પણ તંત્રના સુત્રોએ જણાંવ્યુ છે. આ સ્થિતિ વચ્ચે પણ સેકટરોમાં સમયાંતરે પાણીની પોકાર ઉઠતી રહે છે. જયારે એક ઘરે પુરતા ફોર્સથી તો બીજા ઘરે પાણીનો યોગ્ય સપ્લાય ન આવતો હોવાની ફરિયાદો પણ સ્થાનિકોના રોષનુ કારણ બની છે. સેકટરોમાં મુખ્ય લાઈનથી ઘર સુધીની લાઈન વર્ષોના અંતે જુની થઈ ગઈ હોવાના લીધે લીકેજ થતી હોવાનુ પણ તંત્રના ધ્યાને આવે છે. મુખ્યલાઈનથી ઘર સુધીની જુની લાઈન પણ ઓછા દબાણી સમસ્યા માટે જવાબદાર હોવાનુ પણ સ્પષ્ટ થઈ રહ્યુ છે. જેથી સેકટરવાસીઓએ આવા કિસ્સામાં જુની લાઈન બદલી નાંખવી જોઈએ તેવો સુર પણ ઉઠવા પામ્યો છે.

ગાંધીનગરમાં એકબાજુ ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. એક અંદાજ મુજબ સમગ્ર દેશમાં ગાંધીનગરાઓ સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ કરે છે. આમછતા સેકટરોમાં સમયાંતરે પાણીનો પોકાર ઉઠવા પામે છે. જયારે સેકટરોમાં પાણીનો બગાડ પણ વિશેષ થતો હોવાનુ ધ્યાને આવ્યુ છે. આ સ્થિતિ વચ્ચે તંત્ર કક્ષાએથી પાણીનો પુરતો સપ્લાય આપવામાં આવે છે. આમછતા ફોર્સથી પાણી સપ્લાય ન થતુ હોવાની ફરિયાદો પણ વિશેષ ઉઠવા પામે છે. સેકટરોના કેટલાક મકાનોમાં એક ઘરે પુરતા દબાણથી પાણી સપ્લાય થતુ હોય તો બાજુમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ સ્થાનિકો માટે રોષનુ કારણ બને છે. આ સ્થિતિ વચ્ચે તંત્ર કક્ષાએથી પણ અભ્યાસના અંતે સ્થાનિક રહીશોને મુખ્ય જોડાણથી ઘર સુધી લીધેલી લાઈનમાં લીકેજી દુર કરવા અપીલ કરવામાં આવી છે. સામાન્ય રીતે સેકટરોમાં રહીશોએ મુખ્ય લાઈનથી તેમના ઘર સુધી પાણીની લાઈનનુ કામ તેમની રીતે કરાવ્યુ હોય છે. જયારે આ લાઈન બહુ જુની થઈ ગઈ હોય તેવા કિસ્સામાં પણ પાણી લીકેજીસની સમસ્યા ઉદભવે છે જેના લીધે પાણી પુરતા ફોર્સથી આવતુ નથી અને પાણીનો બગાડ પણ વધુ થાય છે. આવા સંજોગોમાં સેકટરોમાં કેટલાક ઠેકાણે ઓછા દબાણથી પાણી આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. તંત્ર દ્વારા સેકટરવાસીઓની પાણીની જરૂરિયાત સંતોષવા માટે પુરતો

● અનુસંધાન પાન-૭ પર

### દુઃખદ અવસાન



મારા ધર્મપત્ની **મધુબેન કાન્તિલાલ વ્યાસ** નું તા.૨૮-૦૧-૨૦૨૨ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ.

**વર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખી સદ્દગતનું ટેલિફોનિક બેસણું તા.૩૦-૦૧-૨૦૨૨ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે રાખેલ છે.**

**કે. બી. વ્યાસ** (પૂર્વ ભાષાનિયમાક) - **મો.૯૮૨૫૦ ૩૩૦૭૪**
**અશ્વિન કે. વ્યાસ (કુકર)** (પુત્ર) - **મો.૯૮૨૫૦ ૩૯૦૪૯**
(પત્રકાર - અકિલા) (પૂર્વ કોર્પોરેટર, ગાં.મ.ન.પા.)
**શૈલેષ કે. વ્યાસ** (પુત્ર) - **મો.૯૮૨૪૩ ૫૧૯૦૪**
(અંગત મદદનીશ - દંડક, ગુજરાત વિધાનસભા)
**રેખા વ્યાસ** (દિકરી) **મો.૯૭૨૩૨ ૩૫૮૪૩**
(શિક્ષિકા, બોરીજ પ્રા. શાળા, ગાંધીનગર)
**કામિની જી. મહેતા** (દિકરી) **મો.૯૭૨૫૧ ૫૧૭૩૨**
(મા. શિક્ષિકા, જિ. પં. વડોદરા, કરજણ તાલુકો)
**કાશ્મીરા ડી. વ્યાસ** (દિકરી) **મો.૯૪૨૮૦ ૫૦૪૭૨**
(આચાર્ય, બોરીજ પ્રા. શાળા, ગાંધીનગર)
**દિનદયાળ ડી. વ્યાસ** (જમાઈ) **મો.૯૪૨૮૦ ૫૦૪૭૧**
(જય સેલ્સ, સેક્ટર-૨૨)
**ભાવના એ. વ્યાસ** (પુત્રવધુ) - **ચેતના એસ. વ્યાસ** (પુત્રવધુ)
**તથા સમસ્ત પરિવાર**

ફર્મ : ભાવના એડ એજન્સી

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com